# Acknowledgement

## ઋણ સ્વીકાર

પ્રસ્તુત શોધપ્રબંધ તૈયાર કરવામાં ડૉ.સુધાબહેન દેસાઈ, પ્રો. જનક દવે, શ્રી ગોવર્ધન પંચાલ, શ્રી મનસુખભાઈ જોષી, શ્રી નલિનીબહેન ઉપાધ્યાય, ડૉ. કૃષ્ણકાંત કડકિયા વગેરે ભવાઈવિદ્દો, ભરત નાટ્ય શાસ્ત્રના અભ્યાસુ ડૉ.મહેશ ચંપકલાલ તેમજ પારંપારિક નાટ્યસ્વરૂપોના અભ્યાસી શ્રી જગદીશચંદ્ર માથુર, ડૉ.કૃષ્ણદેવ ઉપાધ્યાય વગેરે વિધ્વાનો ધ્વારા લખાયેલા પુસ્તકો, લેખો તથા શોધપ્રબંધનો સંદર્ભ સામગ્રી તરીકે ઉપયોગ કર્યો છે. આ ઉપરાંત અન્ય નાટ્યવિદોના હાથે લખાયેલા ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી પુસ્તકો તથા લેખો પણ ખપમાં લીધા છે. આ સર્વ પુસ્તકો તથા લેખોની યાદી સંદર્ભસૂચિ તરીકે શોધપ્રબંધના અંતે જોડવામાં આવી છે. તે સૌનું હું અત્રે ઋણ સ્વીકારું છું.

# આભાર દર્શન

પ્રસ્તુત સંશોધન કાર્ય મારા ગુરૂ પ્રો.માર્કંડ ભટ્ટના માર્ગદર્શન હેઠળ પૂરું થયું છે તે બદલ તેમનો હું અત્યંત ઋણી છું અને આ શોધપ્રબંધ તેમને અર્પણ કરું છું.

લેખનકાર્ય દરમ્યાન અનેક સલાહ સૂચનો તથા સંસ્કૃત નાટ્યસાહિત્ય અંગેનું માર્ગદર્શન પૂરું પાડનાર મારા અધ્યાપક ડૉ.મહેશ ચંપકલાલનો હું અત્યંત ઋણી છું.

પ્રો.જનક દવે તથા પ્રા.જગદીશ ભટ્ટ જેમણે મને ભવાઇમાં અભિનય સંબંધી માર્ગદર્શન આપ્યુ, ડૉ.સુધાબહેન દેસાઈ જેમણે ભવાઈ સંબંધી વિવિધ વિભાવનાઓ સ્પષ્ટ કરી આપી. મુ.શ્રી મનસુખભાઈ જોષી તથા શ્રી નલિનીબહેન ઉપાધ્યાય ભવાઇ પ્રસ્તુતિ તથા ભવાઈમાં અંગસ્થાપત્ય અંગે જરુરી માહિતી આપી, ઉપરાંત જડેશ્વર મહાદેવ - મોરબી ખાતે રજૂ થયેલ ભવાઈ પ્રયોગમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી પ્રયોગ દરમ્યાન માર્ગદર્શન આપ્યું. આ સૌ તદ્વિદોનો હું અત્યંત આભારી છું.

kalpana's

ડૉ.લવકુમાર દેસાઈ, ડૉ. શિરીષા પંચાલ તથા શ્રી ભારતીબહેન દલાલ તરફથી જરૂરી સલાહ સૂચનો મળ્યાં, સંશોધન કાર્ય માટે જરૂરી સામગ્રી એકત્ર કરી આપવા બદલ તેમનો હું આભારી છું.

પ્રા.હરીશ વ્યાસ તથા પ્રા.રાજુલ મહેતાએ સંશોધન માટે જરુરી સામગ્રી મેળવી આપવામાં મને ઘણી મદદ કરી. તેમનો પણ હું આભારી છું.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના ડે.મ્યુનિસિપલ કમિશ્નર શ્રી પથિકભાઈ મહેતા તરફથી મને આ સંશોધન કાર્ય માટે મળેલ પ્રોત્સાહન તથા પ્રોજેક્ટ ઓફીસર(યુ.બી.એસ.) શ્રી રાહુલભાઈ ભટ્ટે જરુરી મદદ માટે દાખવેલ તત્પરતા બદલ આ બંને ઉચ્ચ અધિકારીઓનો હું અત્યંત આભારી છું.

સ્વ.શ્રી સોમાભાઈ ડી.નાયક, શ્રી સતીષભાઈ મંગળદાસ નાયક, શ્રી જયંતીભાઈ નાયક તથા શ્રી માધુભાઈ

kalpana's

નાયક (મુ.મેઉ તા. જિ.મહેસાણા) શ્રી છનાલાલ નાયક (મુ.કહોડા - તા. સિધ્ધપુર), શ્રી મફતલાલ જયચંદ નાયક (મુ.ઉંઝા), શ્રી ચંદ્રવદન પટેલ (ભૂંગળ વાદક - વડોદરા) વગેરે સાથે ભવાઈ પ્રયોગો અંગેની ચર્ચા દરમ્યાન મળેલ માહિતી અને માર્ગદર્શન બદલ આ સૌ ભવાઈ કલાકારોનો હું આભારી છું.

જરૂરી પુસ્તકો તથા સામયિકો ઉપલબ્ધ કરાવી આપવા બદલ ફેકલ્ટી ઓફ પરફોર્મીંગ આર્ટસની લાયબ્રેરી તથા હંસા મહેતા લાયબ્રેરીના ગ્રંથપાલોનો પણ આભાર માનું છું.

શ્રીમતી સંગીતા ગિરિશભાઈ બાપટનો વેશભૂષાના રેખાચિત્રો દોરી આપવા બદલ તથા મારા લઘુબંધુ શ્રી શૈલેશ ઉપાધ્યાયનો ભવાઈની રંગભૂમિની આકૃતિઓ દોરી આપવા બદલ આભારી છું.

ટાઈપરાઈટીંગનું કામ અત્યંત ચીવટ તથા ખંતપૂર્વક પાર પાડનાર ટાઈપીસ્ટ શ્રીમતી રમાબહેન દોશીનો પણ આભારી છું.

Inflibnet

છેલ્લે મારી ધર્મપત્ની કુસુમ ઉપાધ્યાય, પુત્રી સોનલ ઉપાધ્યાય તથા પુત્ર વિમલ ઉપાધ્યાય તરફથી પ્રૂફરીડીંગ તથા સંશોધન કાર્ય દરમ્યાન અનેક પ્રકારની મદદ - સાથ - સહકાર મળતાં રહયાં છે તેમનો પણ હું અત્યંત આભારી છું.

અસ્તુ

kalpana's